# Visit of Minister of State for External Affairs and Culture Smt. Meenakashi Lekhi to Uzbekistan and Switzerland (September 23-30, 2021)

September 22, 2021

# વિદેશ અને સંસ્કૃતિ રાજ્યમંત્રી શ્રીમતી મીનાક્ષી લેખીની ઉઝબેકિસ્તાન અને સ્વિટ્ઝર્લેન્ડની મુલાકાત (સપ્ટેમ્બર 23-30, 2021)

સપ્ટેમ્બર 22, 2021

રાજ્યકક્ષાના વિદેશબાબતો અને સંસ્કૃતિ (એમઓએસ) મંત્રી શ્રીમતી મીનાક્ષી લેખી 23-30 સપ્ટેમ્બર 2021 દરમિયાન રિપબ્લિક ઓફ્ ઉઝબેકિસ્તાન અને સ્વીસ કન્ફેડરેશનની મુલાકાત લેશે.

2. 23-26 સપ્ટેમ્બર દરમિયાન ઉઝબેકિસ્તાનની મુલાકાત દરમિયાન રાજ્યકક્ષાના મંત્રી ઉઝબેકિસ્તાનના વિદેશમંત્રી મહામહિમ અબ્દુલ્લાઝિઝ કેમિલોવ અને સંસ્કૃતિ મંત્રી ઓઝોડબેક નાઝરબેકોવને મળશે. તેઓ પ્રતિષ્ઠિત તાશ્કંદ સ્ટેટ યુનિવર્સિટી ઓફ્ લોમાં 'ભારતની લોકશાહી પરંપરાઓ' પર પ્રવચન આપશે. તેઓ તાશ્કંદમાં ભારતીય સમુદાયના સભ્યો સાથે વાતચીત કરશે અને તાશ્કંદ સ્ટેટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ્ ઓરિએન્ટલ સ્ટડીઝ અને અન્ય સંસ્થાઓના પ્રતિષ્ઠિત ઈન્ડોલોજિસ્ટ્સને મળશે. રાજ્યકક્ષાના મંત્રી બુખારા સ્ટેટ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને 'આઝાદી કા અમૃત મહોત્સવ' ઉજવણીના ભાગરૂપે તેમજ સમરકંદ સ્ટેટ મેડિકલ ઈન્સ્ટિટ્યુટ ખાતે ભારતીય વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરશે.

3. 27 થી 30 સપ્ટેમ્બર દરમિયાન સ્વિટ્ઝર્લેન્ડની મુલાકાત દરમિયાન, રાજ્યકક્ષાના મંત્રી ડો. ઈગ્નાઝિયો કેસિસ, ફેડરલ કાઉન્સિલર, વિદેશ મંત્રાલય (વિદેશમંત્રી) અને એલેઈન બર્સેટ, ફેડરલ કાઉન્સિલર, ગૃહ બાબતો અને સંસ્કૃતિ મંત્રાલય સાથે ચર્ચા કરશે. રાજ્યકક્ષાના મંત્રી "ઉભરતા બજારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર-વૃદ્ધિ અને વાસ્તવિક અસરનું એન્જિન"ના વિષય તેમજ સ્વિસ-ઈન્ડિયા ચેમ્બર ઓફ્ કોમર્સની વાર્ષિક સામાન્ય સભા પર ઉદ્ઘાટન એનઝેડઝેડ ઈમ્પેક્ટ ફાઈનાન્સ કોન્ફરન્સને સંબોધિત કરશે. રાજ્યકક્ષાના મંત્રી ભારત-સ્વિસ સમુદાય સાથે પણ વાતચીત કરશે અને જિનીવામાં આંતરરાષ્ટ્રીય સમુદાયના સભ્યો સાથે મુલાકાત કરશે.

4. ઉઝબેકિસ્તાન અને સ્વિટ્ઝરલેન્ડ બંને સાથે ભારત ગાઢ અને મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે. એમઓએસની મુલાકાત આ બંને દેશો સાથેના અમારા દ્વિપક્ષીય સંબંધોમાં ગતિ જાળવી રાખવામાં મદદ કરશે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 22, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.